**1Special Atro Case No 12/2018**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૨ /૨૦૧૮**
**આંક –73**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૨/૨૦૧૮ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | હરદેવસિંહ કરણસિંહ વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9825161932 |
| ઉંમર આશરે | ૬૨ | વરસની | ધંધો | નિવૃત ડી.વાય.એસ.પી. |
| રહેવાનુ | ગાંધીનગર તા.ગાંધીનગર | | ડીસ્ટ્રીકટ | ગાંધીનગર |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) ગઈ તા.૯/૫/૨૦૧૮ના રોજ ડી.વાય.એસ.પી. ડીસા તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે આ કામનો ગુનો દાખલ થયેલો. એસ.પી. પાલનપુરનાઓએ મારી આ ગુનાની તપાસ અધિકારી તરીકે નિમણૂંક હુકમ આપેલ. તે આધારે આ ગુનાની તપાસ સંભાળેલી. આ કામે પી.એસ.આઈ. એ કરેલ સુચીપત્ર તથા ગુનાની એફ.આઈ.આર. તથા ભારે ગુનાનો રીપોર્ટ તથા ડી.વાય.એસ.પી.ને ગુનાની જાણ કરતો રીપોર્ટ ધ્યાને લીધેલ. બાદ ગુનાવાળી જગ્યા ફરીયાદી જેસંગભાઈ ખોબાજી બતાવતા પંચો વિક્રમભાઈ ઠાકોર અને ચંદનભાઈ સોનકરની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. સદરહું જગ્યા જશવંત ચેમ્બર પાસે આવેલી છે. તે જગ્યાએ અગત્યના નિશાનો મળેલા નહી. કલાક ૧૬:૦૦ થી ૧૬:૩૫ મુજબનુ પંચનામુ કરેલુ અને તેમાં મારી અને પંચોની સહીઓ છે. ફરીયાદીશ્રીનું વિશેષ નિવેદન લીધેલુ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ફરીયાદીએ ડીસા સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધેલી હોય આજે અમારી કચેરીના જા.નં.૭૮૩/૨૦૧૮થી સારવાર સર્ટી મેળવવા યાદી કરેલી. એમ.એલ.સી. નં.૬૧૯/૨૦૧૮થી સારવાર સર્ટી મળેલુ તે વંચાણે લીધેલુ તેમાં હાથે ફ્રેકચર હોવાનું જણાયેલ આથી આઈ.પી.સી.કલમ–૩૨૬

સાહેદની સહી.............................

અને એટ્રોસીટી એકટ કલમ–૩(૨)(૫) કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલો. આ કામના આરોપીઓ પો.સ્ટે. હાજર થતા પંચો અરવિંદ ઠાકોર અને બીજા પંચ સુરેશ ઠાકોરની રૂબરૂમાં આરોપીના શરીર સ્થિતીનુ અને તેઓ મારક હથિયાર રજુ કરતા હોય તેનુ મુદામાલ રીકવરીનું પંચનામુ કરેલુ. જેમાં આરોપી અતુલ ઉર્ફે જીતેન્દ્ર રમેશ ઠાકોરનાઓએ જુના જેવી તલવાર રજુ કરેલી. આરોપી રાહુલ ઉર્ફે વાલાજી રાજુજીનાઓએ લોખંડની ખિલાસરી રજુ કરેલી. ત્રીજા આરોપી ભેમસિંગ ઉર્ફે ભોળાજી મોહનજીનાઓએ લોખંડની સફેદ કલરની પાઈપ રજુ કરેલી. ચોથા આરોપી પરેશભાઈ ભરતભાઈએ લાકડાનો ધોકો રજુ કરેલો. જે પંચનામાની વિગતે કબજે કરેલ. કલાક:૧૭:૦૦ થી ૧૮:૧૫ સુધી પંચનામુ કરેલુ અને તેમાં મારી અને પંચોની સહીઓ છે. જાવક નં.૯૧૩/૧૮થી તા.૨૮/૫/૧૮થી રવાનગી નોંધ તૈયાર કરી મુદામાલ એફ.એસ.એલ. અમદાવાદને મોકલેલો. એફ.એસ.એલ.ની પહોંચ તા.૨૯/૫/૧૮ની મળતા કામમાં સામેલ રાખેલી. એફ.એસ.એલ. તપાસણી રીપોર્ટ આવતા નામ.કોર્ટને મોકલી આપેલો. ફરીયાદી જેસંગભાઈ ખુબાજી પોતાનું અનુસુચિત જનજાતીનુ મામલતદાર કચેરી ડીસાનું તા.૩/૭/૨૦૧૮માં ઈસ્યુ થયેલુ ના જાતી પ્રમાણપત્રની નકલ રજુ કરેલી. જે અમારા જાવક નં.૧૩૩૧/૧૮ તા.૪/૭/૧૮થી મામલતદારશ્રીની કચેરીએ વેરીફાય કરવા માટે મોકલેલુ અને વેરીફાય થઈ આવતા પત્ર આ કામે સામેલ રાખેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચારેય આરોપીઓ વિરૂધ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલી.

મે ફરીયાદના સમર્થનમાં સાહેદ પાર્વતીબેન રમેશભાઈ માજીરાણા, નરેન્દ્રભાઈ રમેશભાઈ માજીરાણા, સુરજબેન જયસિંગભાઈ માજીરાણા, બાદરભાઈ જેસંગભાઈ માજીરાણા, અનીલભાઈ જેસંગભાઈ માજીરાણા અને સોનલબેન મુકેશભાઈ માજીરાણા વિગેરેના નિવેદનો લીધેલા. સાહેદ નરેન્દ્રભાઈ

સાહેદની સહી............................

રમેશભાઈ માજીરાણા મારી સમક્ષ એવી હકીકત જણાવેલ છે કે, તા.૮/૫/૧૮ના રોજ બપોરે બે એક વાગે મારા કાકા જેસંગજી કુકવા કરતા હુ જશવંત ચેમ્બર બાજુ જતા મારા કાકાને માથાના ભાગે અને હાથમાં વાગેલુ હોય અને લોહી નીકળતુ હોય તેથી મે તેમને પુછતા તેમણે જણાવેલ કે નહેરૂનગર મેલડીમાતાના મંદિર પાસે રહેતા અતુલભાઈ રમેશભાઈ ઠાકોર તલવાર સાથે અને વાલજીભાઈ રાજુજી લોખંડની ખિલાસરી સાથે તથા ભોળાજી મોહનજી લોખંડની પાઈપ સાથે તથા પરેશભાઈ લાકડાનો ધોકો લઈ આવેલ તેમને જશવંત ચેમ્બર પાસે બોલાવી તેમને કહેલ કે શાલા ભીલડા, કોડા તારો દિકરો અનીલ અમારા વિરૂધ્ધમાં તેમજ અમારા માણસોની કેમ પોલીસને બાતમી આપે છે તેમ કહી માબેન સામી ભુંડી ગાળો બોલી તેમજ જાતીવિષયક અપમાનીત શબ્દો બોલતા અને તેમને બોલવાની ના પાડતા ચારેય જણા ઉશ્કરોઈ જઈ રમેશ ઠાકોરે પોતાની તલવાર મારવા જતા તેમને હાથ આડો કરતા માથામાં કપાળના ભાગે અને હાથના ભાગે તલવાર વાગેલ અને વાલજી લોખંડની ખિલાસરી બરડાના ભાગે મારેલ અને ભોળાજી મોહનજી ઠાકોરએ લોખંડની પાઈપ ખભાના ભાગે મારેલી અને પરેશભાઈએ લાકડાનો ધોકો બરડામાં મારેલો અને તેઓ પડી જતા તેમની દીકરી સોનલ અને સુરજબેન તથા મારી માતા પાર્વતીબેને છોડાવેલ અને આ ચારેય જણાએ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપેલી અને અમારા કાકાને સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા.

મને આંક:૨૨વાળી એફ.આઈ.આર. બતાવવામાં આવે છે, જેમાં ડીસા શહેર ઉતર પો.સ્ટે.ના પી.એસ.ઓ. રણછોડભાઈ બુચાભાઈની સહી છે,જેઓ હાલ મરણ ગયેલ છે, જે અમારી નીચે કામ કરતા હોય તેમની સહી હુ ઓળખી બતાવુ છું, જે એફ.આઈ.આર. અમોને તપાસના કામે મળેલ છે, તે તેજ છે,

સાહેદની સહી............................

મને આંક:૫૧ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક:૫૭ આરોપીની શરીર સ્થિતી તથા મુદામાલ રીકવરી પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

મને આંક:૫૮ થી આંક:૬૧વાળી મુદામાલ રીકવરીની પાવતી બતાવવામાં આવે છે, જેમાં બે પંચો તથા રૂબરૂ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

આંક:૪૩વાળું મેડીકલ સર્ટી સરકારી હોસ્પિટલમાંથી મેળવી આ કામે સામેલ રાખેલ છે, તે તેજ છે.

મને માર્ક:૮/૧વાળું સુચીપત્ર બતાવવામાં આવે છે, જેમાં ડીસા શહેર ઉતર પો.સ્ટે.ના પી.એસ.ઓ. રણછોડભાઈ બુચાભાઈની સહી છે,જેઓ હાલ મરણ ગયેલ છે, જે અમારી નીચે કામ કરતા હોય તેમની સહી હુ ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૭૪</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૪વાળું ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ બતાવવામાં આવે છે, જેમાં ડીસા શહેર ઉતર પો.સ્ટે.ના પી.એસ.ઓ. રણછોડભાઈ બુચાભાઈની સહી છે,જેઓ હાલ મરણ ગયેલ છે, જે અમારી નીચે કામ કરતા હોય તેમની સહી હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૭૫</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૫ તથા માર્ક:૮/૬વાળા એફ.ટી.પી.મેસેજ બતાવવામાં આવે છે, જેમાં ડીસા શહેર ઉતર પો.સ્ટે.ના પી.એસ.ઓ. રણછોડભાઈ બુચાભાઈની સહી છે,જેઓ હાલ મરણ ગયેલ છે, જે અમારી નીચે કામ કરતા હોય તેમની સહીઓ હુ ઓળખી બતાવુ છું, જે અનુક્રમે રજુ દાખલ **<u>આંક:૭૬ તથા આંક:૭૭</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૩વાળો એસ.પી. પાલનપુરનો મારી તપાસ અધિકારી

સાહેદની સહી............................

તરીકેની નિમણૂકનો હુકમ બતાવવામાં આવે છે, જેમાં એસ.પી.સાહેબની સહી છે, જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૭૮</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૯વાળું જાતી અંગેનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જે ફરીયાદીએ તપાસના કામે રજુ કરેલ છે તે તેજ છે, જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૭૯</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૦ વાળો જાતી અંગેનું પ્રમાણપત્ર ખરાઈ કરી મોકલેલ પત્ર બતાવવામાં આવે છે, જેમાં ડીસા મામલતદાર કચેરીના અધિકારીની સહી છે,જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૮૦</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૧ વાળી જાતી અંગેનું પ્રમાણપત્ર ખરાઈ કરી મોકલેલ પત્ર સાથે જોડેલ જાતી પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જેમાં ડીસા મામલતદાર કચેરીના અધિકારીની સહી છે,જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૮૧</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૩ વાળી એફ.એસ.એલને મોકલેલ રવાનગી નોંધ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે,જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૮૨</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૪ વાળી એફ.એસ.એલ અધિકારી તરફથી રવાનગી મળ્યા બદલની પહોંચ બતાવવામાં આવે છે, જે પહોંચ મને મળેલ છે તે તેજ છે, જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **<u>આંક:૮૩</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૫ વાળી એફ.એસ.એલ અધિકારી તરફથી મળેલ પત્ર તથા માર્ક:૮/૧૬વાળો એફ.એસ.એલ અહેવાલ બતાવવામાં આવે છે, જે અમોને તપાસના કામે મળેલ છે , જે હુ ઓળખી બતાવુ છું, જે અનુક્રમે રજુ દાખલ **<u>આંક:૮૪ તથા આંક:૮૫</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

સાહેદની સહી............................

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી સી.પી.ઠાકોર..</u>**

(૨)		તપાસ મળેલ ત્યારથી તપાસ પૂર્ણ કરી ત્યાં સુધીમાં હું ગુનાવાળી જગ્યાએ બે થી ત્રણ વાર ગયેલ છું. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાનો ફોટો લીધેલ નથી કે નકશો બનાવેલ નથી. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાએ બીજી સમાજના ઘણા ઘરો આવેલા છે. એ વાત ખરી નથી કે ફરીયાદીના સગા સિવાયના ત્રાહીત વ્યકિતના નિવેદન લીધેલા નથી. એ વાત ખરી નથી કે સાહેદ નરેન્દ્રભાઈ રમેશભાઈનુ નામ ઠામ અને સરનામુ પુછેલુ તે સિવાય કશુ પુછેલુ નહી. એ વાત ખરી નથી કે ગુનાવાળી જગ્યા કે રીકવરી પંચોની મે પોલીસ સ્ટેશનમાં સહીઓ કરાવેલી. જેસંગજી ખુબાજીને કોઈ અન્ય નામે ઓળખતા હોય તેવુ અમારી તપાસમાં જાણવા મળેલ નથી.  એ વાતની મને ખબર નથી કે હાલના ફરીયાદી ઉપર બીજા પણ દારૂના અન્ય કેસો થયેલ છે. એ વાતની મને ખબર નથી કે આ ફરીયાદી અવર નવર એટ્રોસીટીની ફરીયાદો કરવા ટેવાયેલા છે. એ વાત ખરી નથી કે હું ગુનાવાળી જગ્યા ગયેલા નહી અને અમારી હાથ નીચેના રાઈટરે તપાસ કરેલ અને ચાર્જશીટમાં ફકત સહી કરેલી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૫/૦૨/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................